| | |
|---|---|
| GJJM090000672024 | કેસ દાખલ તારીખ: ૧૮/૦૧/૨૦૨૪<br>કેસ નોંધ્યા તારીખ : ૧૮/૦૧/૨૦૨૪<br>ઠરાવ જાહેર તારીખ: ૦૧/૦૫/૨૦૨૬<br>અવધિઃ ૦૨ વર્ષ, ૦૩ માસ, ૧૪ દિવસ |

**જોડીયાના મહેરબાન જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

**ફોજદારી કેસ નં.–૫૧/૨૦૨૪**

**આંક–**

**ફરીયાદી......** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપી......** નિકુંજભાઇ જેન્તીભાઇ ભંડેરી
ઉ.વ.૨૧, ધંધો– અભ્યાસ,
રહે. ભાદરા ગામ,
તા.જોડીયા, જી.જામનગર

| | |
|---|---|
| **ગુનો:–** | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ |

| | |
|---|---|
| **ફરીયાદપક્ષ તરફે–** | વિ.એ.પી.પી.શ્રી એન.કે.પરમાર |
| **બચાવપક્ષ તરફે–** | વિ. વકિલશ્રી વી.એસ.માનસાતા |

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ ૦૬/૦૪/૨૦૨૩ ના રોજ કલાક ૧૧/૩૦ વાગ્યાની આસપાસ ભાદરા પાટીયા પેટ્રોલ પંપથી આગળ રોડ પર પોતાનું હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઇકલ રજી.નં. જી.જે.૧૦. સી.સી. ૨૨૬૨ વાળુ પુરઝડપે અને બેફીકરાઇથી ચલાવી આ કામના ફરીયાદીના ભાઇના સી.ડી.૧૧૦ મોટરસાઇકલ રજી.નં. જી.જે.૧૦. સી.એફ. ૦૯૫૬ સાથે ભટકાડી ફરીયાદીના ભાઇને માથામાં તથા પગમાં તથા દાઢીના ભાગે ગંભીર ઇજા પહોંચાડી મોત નીપજાવી ગુન્હો કરેલ હોય જેથી ઉપરોકત બનાવ અંગેની હાલના ફરીયાદીએ જોડીયા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૨૦૨૫૨૩૦૦૪૨/૨૦૨૩ થી ભારતીય દંડ સહીતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબની ફરીયાદ નોંધાવતા, તે ફરીયાદની તપાસના આધારે તપાસ કરનાર અધિકારીએ તપાસ કરી, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લઇ આરોપી સામે પુરતો પુરાવો મળતા નામદાર અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપીને પ્રોસેસની બજવણી થતા, આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ હોય, આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ. આરોપીની આંક–૬ થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર કરેલ, જેથી આ કામે ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

## -: મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ ઇમરાન ઇશાકભાઇ ચૌહાણની જુબાની | ૧૧ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |
| ૩ | ફરીયાદી પુનાભાઇ મુરાભાઇ ટોરીયાની જુબાની | ૧૪ |
| ૪ | ફરીયાદ | ૧૫ |
| ૫ | પંચ સાહેદ અકબર હાજીભાઇ નુરમામદની જુબાની | ૧૭ |
| ૬ | અટક પંચનામું | ૧૮ |
| ૭ | પંચ સાહેદ રમેશભાઇ ગોવિંદભાઇ જાટીયાની જુબાની | ૨૪ |
| ૮ | ઇન્કવેસ્ટ પંચનામું | ૨૫ |
| ૯ | પંચ સાહેદ હુશેન ઇબ્રાહીમ નાંધીયાની જુબાની | ૩૧ |
| ૧૦ | પંચ સાહેદ મહેન્દ્રસિંહ તખુભા જાડેજાની જુબાની | ૩૨ |
| ૧૧ | સાહેદ પુરીબેન તેજાભાઇ ટોરીયાની જુબાની | ૩૭ |
| ૧૨ | સાહેદ લક્ષ્મણભાઇ મસરૂભાઇ ટોરીયાની જુબાની | ૩૮ |
| ૧૩ | સાહેદ રોહીત મૈયાભાઇ ટોરીયાની જુબાની | ૪૪ |
| ૧૪ | સાહેદ રમીબેન મૈયાભાઇ ટોરીયાની જુબાની | ૪૫ |
| ૧૫ | એક્સીડન્ટ ઇન્સ્પેક્શન રીપોર્ટ્સ | ૪૮,૪૯ |
| ૨૧ | ત.ક.અ. રવિરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજાની જુબાની | ૫૨ |
| ૨૨ | પી.એમ. નોટ | ૫૩ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા મોખિક રીતે પુરાવો પુરો થયાની રજુઆત કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકિકતનો સ્વિકાર કરેલ છે. જ્યારે બાકીના પુછવામાં આવેલ પ્રશ્નોનો ઇન્કાર ભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની

આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) ઉપરોક્ત હકિકતો તેમજ રજુ થયેલ પુરાવો તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૦૬/૦૪/૨૦૨૩ ના રોજ કલાક ૧૧/૩૦ વાગ્યાની આસપાસ ભાદરા પાટીયા પેટ્રોલ પંપથી આગળ રોડ પર પોતાનું હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઇકલ રજી.નં. જી.જે.૧૦. સી.સી. ૨૨૬૨ વાળુ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી આ કામના ફરીયાદીના ભાઇના સી.ડી.૧૧૦ મોટરસાઇકલ રજી.નં. જી.જે.૧૦. સી.એફ. ૦૯૫૬ સાથે ભટકાડી ફરીયાદીના ભાઇને માથામાં તથા પગમાં તથા દાઢીના ભાગે ગંભીર ઇજા પહોંચાડી મોત નીપજાવી ભારતીય દંડ સહીતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

## –:: કારણો ::–

**(૮) મુદ્દા નંબર ૧ ::–**

ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ અન્વયેનું ગુનાહિત કૃત્ય પુરવાર કરવા માટે બનાવ વખતે આરોપી જાહેર રસ્તા ઉપર પોતાનું વાહન મનુષ્યની જિંદગી જોખમમાં મુકાય એ રીતે અથવા તો કોઇપણ વ્યક્તિને વ્યથા અથવા તો હાની પહોંચે તે રીતે બેફામપણે અને ગફલતભરી રીતે હંકારતા હોવાની હકિકત પ્રસ્થાપિત કરવાની રહે છે.

(૮.૧) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૨ વાળા બનાવવાળી સ્થાનિક જગ્યાનાં પંચનામાના પંચ સાહેદ ઇમરાન ઇશાકભાઇ ચૌહાણને આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે. તેમજ આંક–૧૮ વાળા અટક પંચનામાના પંચ સાહેદ અકબર હાજીભાઇ નુરમામદને આંક–૧૭ થી તથા પંચ સાહેદ હુશેન ઇબ્રાહીમ નાંધીયાને આંક–૩૧ થી તપાસવામાં આવેલ છે. તેમજ આંક–૨૫ વાળા ઇન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ રમેશભાઇ ગોવિંદભાઇ જાટીયાને આંક–૨૪ થી તથા પંચ સાહેદ મહેન્દ્રસિંહ તખુભા જાડેજાને આંક–૩૨ થી તપાસવામાં આવેલ છે. આ તમામ પંચ સાહેદો દ્વારા પંચનામામાં પોતાની સહી

સિવાયની કોઇ હકિકતને સમર્થન આપેલ નથી તથા કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

(૮.૨) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૪ થી ફરીયાદી પુનાભાઇ મુરાભાઇ ટોરીયાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના પરીવારમાં એક ભાઇ બે ભાભી અને તેના સંતાનો છે. બનાવમાં અકસ્માતનો બનાવ બનેલ. અકસ્માતનો બનાવ ગયા વર્ષે બનેલો. અકસ્માતના સમયે તેઓ તેના કેશીયા ગામની વાડીએ હતા. બનાવમાં તેઓના ભાઇબંધનો ફોન આવેલો અને કહેલ કે મૈયાભાઇનું એકસીડેન્ટ થયેલ છે. મૈયાભાઇ એટલે તેઓના ભાઇ થાય છે જેનું ભાદરા પાટીયા પંપ પાસે એકસીડેન્ટ થયેલાની હકીકત જણાવેલી. બનાવની જાણ થતા તેઓ તથા તેઓના ભાભી તથા ભાઇ લખમણભાઇ એમ બધા જોડીયા હોસ્પીટલે ગયા હતા. તેઓ હોસ્પીટલે ગયેલા ત્યારે તેઓના ભાઇને માથાના પાછળના ભાગે વાગેલુ હતુ અને કાન નાકમાંથી લોહી નીકળતુ હતુ અને તેઓને વધુ સારવારનુ કહેતા જામનગર હોસ્પિટલમાં લાવેલ, ત્યાં ડોકટરે તપાસીને તેઓના ભાઇનું અવસાન થયેલાનું જણાવેલુ. તેઓને તેમના ભાઇના અકસ્માત બાબતે જાણવા મળેલ કે તેમનો ભાઇ મોટરસાઇકલ લઇને ધ્રોલથી પરત આવતો હોય સામેથી એક મોટર સાઇકલ વાળાએ એકસીડેન્ટ કરેલ હોય, તેઓને એકસીડેન્ટ કરનાર મોટરસાઇકલના નંબર હાલ યાદ નથી. તેઓએ બનાવ બાબતની ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવે છે. જેમા તેઓએ અંગુઠાનું નિશાન કરેલ છે. સદર ફરીયાદને પુરાવામા આંક-૧૫ થી રજુ કરેલ છે. તેઓના ભાઇ જે મોટરસાયકલ પર જતા હતા તેના નંબર પણ તેઓને યાદ નથી. ત્યારબાદ સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરી એપીપીશ્રી દ્વારા પુછવામાં આવેલ એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ તેઓની ફરીયાદમાં એવી હકિકત લખાવેલ કે તેઓના ભાઇ મૈયાભાઇના મોટરસાઇકલ નંબર જી.જે.૧૦.સી.એફ.૦૯૫૬ હતા અને અકસ્માત કરનાર મોટરસાઇકલના નંબર જી.જે.૧૦.સી.સી.૨૨૬૨ હતા.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, તેઓ બનાવ સમયે ખેતરે હોય બનાવ કઇ રીતે બન્યો અને કોનાથી અકસ્માત થયો તે તેઓએ નજરે જોયેલ નથી. વધુમાં તેઓ જણાવે છે કે તેઓ ખેતરેથી બનાવવાળી જગ્યાએ ગયેલા જ્યાં કોઇ હાજર ન હોય અને જોડીયા હોસ્પિટલે લઇ ગયાની જાણ થતા તેઓ હોસ્પિટલે ગયેલા, તેઓ બનાવવાળી જગ્યાએથી તુરત જ હોસ્પિટલે ગયેલા. વધુમાં સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ અભણ છે તેથી તેઓને અંગ્રેજી કે ગુજરાતી વાંચતા આવડતુ નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઇન્કાર કરેલ છે.

(૮.૩) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૭ થી સાહેદ પુરીબેન તેજાભાઇ ટોરીયાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પુનાભાઇ મુરાભાઇ ટોરીયા તેઓના કાકા થાય છે. ગુજરનાર મૈયાભાઇ મુરાભાઇ ટોરીયા તેઓના સગા થાય છે. આ બનાવ આશરે બે વર્ષ પહેલા ભાદરા પાટીયા પાસે સવારના સાડા અગીયાર થી બાર વગ્યાની વચ્ચે બનેલ. બનાવ સમયે તેઓ માતાજીનો માંડવો હોય રીક્ષામાં બેસીને જતા હતા ત્યારે રસ્તામાં બનાવવાળી જગ્યાએ તેઓના અદાનો અકસ્માત થયેલ હતો તે જોયેલ. તેઓના અદા ધ્રોલથી મોટરસાઇકલ લઇને આવતા હતા. અકસ્માત કરનાર પણ મોટરસાઇકલ હતુ. તેઓના અદાને માથાના પાછળના ભાગે ઇજા થયેલ. બનાવવાળી જગ્યાએ તેઓના અદા બેભાન હાલતમાં ગંભીર સ્થિતિમાં હતા. તેઓએ બોલાવવાનો પ્રયત્ન કરેલ પરંતુ તે બોલી શકેલા નહી અને લોહીલુહાણ હાલતમાં પડેલા. ત્યારબાદ ૧૦૮ને તેઓના ગામના એક પટેલે ફોન કરેલ. ફોન કરતા ૧૦૮ બનાવ સ્થળ પર આવી ગયેલ અને તેઓના અદાને ૧૦૮માં જોડીયા રેફરલ હોસ્પીટલે લઇ ગયેલ. ત્યારબાદ તેઓ માંડવામાં જતા રહેલ. તેઓ આ બનાવ અંગે કેવી રીતે અકસ્માત થયેલ કે કોણે કરેલ તે તેઓ જાણેલ નથી અને તેઓના અદાને અકસ્માત થયેલ તે દવાખાને લઇ થયેલા, પાછળથી તેઓને જાણવા મળેલ કે તેઓ દવાખાને ગુજરી ગયેલ છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ બનાવ નજરે જોયેલ નથી. સાહેદ જણાવે છે કે તેઓ રીક્ષામાંથી ઉતરી અને જોયેલ કે એક છોકરો ભાદરા પાટીયા પાસે આવતો હતો અને તેઓના અદા સામેથી આવતા હતા અને અકસ્માત થયેલ તેઓ ચોક્કસ કહી શકે નહી કે કોની ભુલના કારણે અક્સમાત થયેલ છે.

(૮.૪) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૩૮ થી સાહેદ લક્ષ્મણભાઈ મસરૂભાઈ ટોરીયાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પુનાભાઈ મુરાભાઈ તેઓના અદાના દીકરા થાયે છે. ગુજરનાર પણ તેઓના અદાના દીકરા થાય છે. બનાવ તા.૦૬/૦૪/૨૦૨૩ નારોજ ભાદરા પાટીયાથી પેટ્રોલપંપ પાસે સવારના દસ સાડાદસ વાગ્યાની આસપાસ બનેલ. બનાવ વખતે તેઓ તેમની મજુરીએ ગયેલ હતા. ત્યારે તેઓના મિત્રનો ફોન આવેલ અને જણાવેલ કે તમારા અદાના દીકારનો અકસ્માત થયેલ છે જેથી તેઓ તાત્કાલીક જોડીયા હોસ્પીટલમાં આવી ગયેલા. ત્યાં આવીને તેઓએ જોયુ કે તેઓના અદાના દીકરા બેભાન હાલતમાં પડેલ હતા તેમજ તેઓને માથાના ભાગે તેમજ મોઢામાં દાંતના ભાગે ઈજાઓ થયેલી. ત્યાં ડોકટર સાહેબે પ્રાથમિક સારવાર આપીને જામનગર જી.જી.હોસ્પીટલ લઈ જવા જણાવેલ. ત્યાં ડોકટર સાહેબે મરણ જાહેર કરેલા. જી.જી. હોસ્પીટલમાં પી.એમ. રીપોર્ટ કરેલ. ત્યારબાદ તેઓના અદાના દીકરાને ધરે લાવેલ અને અંતિમ વિધિ કરેલ. આ બનાવ અંગે પુનાભાઈ મુરાભાઈ ટોરીયાનાઓને જોડીયા પો.સ્ટે.માં ફરીયાદ આપેલ અને પોલીસે તેઓનું નિવેદન લીધેલ. તેઓના અદાના દીકરા કુલ લઈને ધ્રોલથી ધરે આવતા હતા ત્યારે આ અકસ્માત કરનારે ગાડી ભટકાડી દીધેલ. જેનો નંબર તેઓને યાદ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે ફરીયાદી તેઓના અદાના દીકરા થતા હોય સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૮.૫) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૪ થી સાહેદ રોહીત મૈયાભાઇ ટોરીયાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પુનાભાઇ મુરાભાઇ ટોરીયા તેઓના સગા કાકા થાય છે. બનાવ આશરે બે વર્ષ પહેલા ભાદરા પાટીયા પાસે દીવસના ૧૦ વાગ્યાની આસપાસ બનેલ. બનાવ સમયે તેઓ કેશીયા ગામે રોડ ઉપર આવેલ હોટલ પર હતા. ત્યારે તેઓના કાકા પુનાભાઇનો ફોન આવેલ અને જણાવેલ કે તારા બાપાનો અકસ્માત થયેલ હોય તમો અહી આવો તેમ જણાવેલ. તેથી તેઓ તથા તેઓના કાકાનો છોકરો વિમલ બંન્ને સાથે બનાવવાળી જગ્યાએ ગયેલ. ત્યાં સ્થળ પર જઇને જોયેલ તો બે મોટરસાયકલ પડેલ અને તેઓના પિતા બેહોશ પડેલા હતા. ત્યારબાદ કોઈકે ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવી જતા તેઓના પિતાને જોડીયા હોસ્પીટલે લઇ ગયેલ. ત્યાં બેભાન અવસ્થામાં હોય તેથી ડોકટરશ્રીએ તેઓના પિતાની તપાસ કરી મૃત જાહેર કરેલા અને ત્યારબાદ તેઓના પિતાનું પી.એમ. કરેલ અને તેઓના પિતાની લાશ લઇને તેઓ તેમના ગામે આવેલ અને તેઓની અંતિમવિધિ કરેલ. પોલીસે તેમનુ નિવેદન લીધેલ. આ અકસ્માત કરનાર ભાદરા ગામના નિકુંજભાઇ ભંડેરી હતા તેવુ તેમને જાણવા મળેલ.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવ સમયે તેઓ કેશીયા ગામે હોટલ પર હતા, બનાવ તેઓએ નજરે જોયેલ નથી, તેઓએ તેઓની સરતપાસમાં લખાવેલ કે ભાદરા ગામના નિકુંજભાઇ ભંડેરી હતા તે તેઓએ તેઓના નિવેદનમાં લખાવેલ નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઇન્કાર કરેલ છે.

(૮.૬) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૫ થી સાહેદ રમીબેન મૈયાભાઇ ટોરીયાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પુનાભાઇ મુરાભાઇ

ટોરીયા તેઓના દીયર થાય છે. બનાવ આજથી એક વર્ષ પહેલા ભાદરા પાટીયા પાસે સવારે દીવસના ૧૦ વાગ્યાની આસપાસ બનેલ. બનાવ સમયે તેઓ તેમના ધરે હતા ત્યારે બનાવ અંગે તેઓને તેમના દીયરે ફોન કરેલ જણાવેલ કે ભાઇનું અકસ્માત થયેલ તમો ત્યાં આવો તેમ કહેતા તેઓ ત્યાં ગયેલ અને ત્યાં જઇને ત્યાં જઇને જોયુ તો તેઓના પતિ બેભાન અવસ્થામાં હતા. ત્યાં ૧૦૮ એમ્બ્યુલેન્સ આવી જતા તેઓને સારવાર માટે જોડીયા હોસ્પીટલે લઇ ગયેલ. જોડીયા હોસ્પીટલના ડોકટરશ્રીએ વધુ સારવાર માટે જામનગર જી.જી.હોસ્પીટલમાં રીફર કરેલ. જામનગર જી.જી.હોસ્પીટલના ડોકટરશ્રીએ તેઓના પતિને મૃત જાહેર કરેલ. આ બનાવ તેઓના પતિનું અને સામાવાળાનું મોટરસાયકલ અથડાવાનાં કારણે થયેલ તેવુ તેઓએ વાતો વાતોમાં જણેલ. પોલીસે તેઓની પુછપરછ કરેલ.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવ સમયે તેઓ તેઓના ઘરે હતા, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઇન્કાર કરેલ છે.

(૮.૭) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–પર થી તપાસ કરનાર અમલદાર રવિરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૩ માં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ગઈ તા:– ૦૬/૦૪/૨૦૨૩ ના રોજ તેઓની રૂબરૂની ફરીયાદી પુનાભાઈ મુનાભાઈ ટોરીયા, રહે. કેશીયા ગામ, તા.જી. જોડિયા વાળાઓની જોડિયા પો.સ્ટે ગુ. રજી. ન– ૧૧૨૦૨૦૨૫૨૩૦૦૪૨, ઈ.પી.કો કલમ ૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબની ફરીયાદ રજીસ્ટરે લઈ પી.એસ.ઓ શ્રી દ્વારા આગળની તપાસ તેઓ તરફ ડેપ્યુટ કરતા તેઓએ બનાવ વાળી જગ્યાનું પંચનામું, તેમજ ગુન્હાને લગતા સાહેદોના નિવેદનો, ફરીયાદમાં જણાવેલ મોટરસાઈકલની આંતરીક તપાસણીને લગત પ્રમાણપત્ર તથા મરણ જનારનું પી.એમ. કરનાર ડોકટરશ્રી દ્વારા

આપેલ પી.એમ. નોટ તેમજ આરોપીને અટક કરેલ એમ તમામ સાધનિક કાગળો સાથે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય જેથી નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેઓને નામ. કોર્ટ રેકર્ડમાંથી આંક:–૨૫ વાળુ ઈન્કવેસ્ટ પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને તેઓ કહે છે કે તે બે પંચોની હાજરીમાં કરેલ છે અને તેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેઓને નામ.કોર્ટ રેકર્ડમાંથી આંક:–૧૮ વાળુ આરોપી અટક પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને તેઓ કહે છે કે તે બે પંચોની હાજરીમાં કરેલ છે અને તેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને નામ. કોર્ટ રેકર્ડમાંથી આંક:–૧૨ વાળુ બનાવવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને તેઓ કહે છે કે તે બે પંચોની હાજરીમાં કરેલ છે અને તેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને નામ કોર્ટ રેકર્ડમાંથી સદર બનાવમાં મરણ જનાર વ્યક્તિની પી.એમ. નોટ – ૨૬૭/૨૦૨૩, તા:–૦૬/૦૪/૨૦૨૩ ના રોજની છે જે તેઓને જી.જી. હોસ્પિટલ જામનગર તરફથી મળેલ તે છે અને તેઓએ તપાસના કામે સામેલ રાખેલ છે જે પી.એમ. નોટ કામમાં રજુ દા. આંક–૫૩ આપવામાં આવે છે. તેમને નામ કોર્ટ રેકર્ડમાંથી સદર બનાવમાં વાહન તપાસણી કરાવેલ તે આંક–૪૮ નું એક્સીડન્ટ રીપોર્ટ ફોર્મ ૧૦૬૬/૨૦૨૩, તા:–૨૧/૦૪/૨૦૨૩, તથા આંક –૪૯ નું એક્સીડન્ટ રીપોર્ટ ફોર્મ ૧૦૬૭/૨૦૨૩, તા:–૨૧/૦૪/૨૦૨૩ બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તે આર.ટી.ઓ કચેરી જામનગર તરફથી મળેલ છે તે અને તેઓએ તપાસના કામે રાખેલ છે તે જ છે. આરોપીને તેઓ જોયેથી ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવવાળી જગ્યાની આગળ ૫૦૦ મીટર દુર એક પેટ્રોલપંપ આવેલ છે, પેટ્રોલપંપમાં સામાન્ય રીતે સી.સી.ટી.વી. કેમેરા લાગેલ હોય, બનાવવાળી જગ્યા છે તે સતત અવર જવર વાળી જગ્યા છે, એવા કોઈ રાહદારી કે વાહન ચાલકના નિવેદનો તેઓએ આ કામે લીધેલ નથી. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે આ કામે મરણ જનાર છે તે મોટરસાઈકલ

ચલાવતા હોય તો તેઓ ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવતા હોવા અંગેનો કોઈ દસ્તાવેજ કામે કબ્જે કરેલ નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

**પુરાવાનું મુલ્યાંકનઃ–**

(૯) ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે તપાસવામાં આવેલ બનાવવાળી જગ્યાના પંચનામાના તથા અટક પંચનામાના તથા ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદો દ્વારા પંચનામામાં સહી કર્યા સિવાયની પંચનામાની કોઈ હકિકતને સમર્થન આપેલ નથી. તેઓ રૂબરૂ કોઈ પંચનામું કરવામાં આવેલ હોઈ તેવી કોઈ હકિકત તેઓ જણાવતા નથી. ફક્ત તૈયાર લખાણમાં સહી કરેલ હોવાનું જણાવેલ છે. જેથી આંક–૧૨ વાળુ બનાવવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૧૮ વાળુ અટક પંચનામું તથા આંક–૨૫ વાળુ ઈન્કવેસ્ટ પંચનામું પુરવાર થતુ નથી.

આ કામે આંક–૧૪ થી ફરીયાદીને તપાસેલ છે તેઓએ ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે તેઓએ અકસ્માત થયો તે તેઓએ નજરે જોયેલ નથી. આંક–૩૭ થી સાહેદ પુરીબેન તેજાભાઈને તપાસેલ છે. તેઓએ જણાવેલ છે કે તેણી ચોક્કસ કહીને શકે નહી કે કોની ભુલના કારણે અકસ્માત થયેલ. ત્યારબાદ આંક–૩૮ થી સાહેદ લક્ષ્મણભાઈ મસરૂભાઈ ટોરીયાને તપાસેલ છે તેઓએ જણાવેલ છે કે બનાવ વખતે તેઓ મજુરીએ ગયેલ હતા. ત્યારબાદ આ કામે આંક–૪૪ થી સાહેદ રોહીત મૈયાભાઈ ટોરીયાને તપાસેલ છે. તેઓએ સ્વિકારેલ છે કે બનાવ સમયે તેઓ કેશીયા ગામે હોટલ પર હતા અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ એ હકિકત પણ સ્વિકારેલ છે કે પોતાની સરતપાસમાં લખઆવેલ કે તે ભાદરા ગામના નિકુંજભાઈ ભંડેરી હતા તે તેઓએ પોતાના નિવેદનમાં લખાવેલ નથી. ત્યારબાદ આ કામે આંક–૪૫ થી સાહેદ રમીબેન મૈયાભાઈ ટોરીયાને તપાસેલ છે જેઓએ સ્વિકારેલ છે કે બનાવ સમયે પોતે પોતાના ઘરે હતા અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

ફરીયાદપક્ષ દ્ધારા તપાસવામાં આવેલ તમામ સાહેદ હીયરસે વીટનેસ છે કોઈપણ સાહેદ દ્ધારા સદર બનાવ બનતા નજરે જોયેલ નથી. તમામ સાહેદો ફરીયાદી અને અકસ્માતમાં મરણજનારના સગા સંબંધી છે. કોઈપણ સાહેદ દ્ધારા આરોપીને ઓળખી બતાવેલ નથી કે અકસ્માત સમયે વાહન કોણ ચલાવતુ હતુ તે જણાવેલ નથી. અકસ્માત કોની ભુલના કારણે બનેલ તે પણ કોઈપણ સાહેદ દ્ધારા જણાવેલ નથી. બનાવવાળી જગ્યા જાહેર રોડ હોય તેમજ વાહનોની તથા રાહદારીઓની સતત અવર જવર થતી હોય છે. તેમ છતાં તપાસ કરનાર અમલદાર દ્ધારા બનાવ નજરે જોનાર કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી કે કોઈ નજરે જોનાર સ્વતંત્ર સાહેદોને આ કામે ફરીયાદપક્ષ દ્ધારા તપાસવામાં આવેલ નથી. જેથી બનાવ સમયે અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતુ હતુ, વાહન કેવી રીતે ચાલતુ, વાહનની ઝડપ કેવી હતી, ક્યા વાહનની ભુલના કારણે અકસ્માત બનેલ અને અકસ્માત કયા વાહન દ્ધારા બનેલ તે હકિકત રેકર્ડ પર આવેલ નથી. ફરીયાદપક્ષ દ્ધારા તપાસવામાં આવેલ સાહેદોએ પોતાની ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

વધુમાં, આ કામે કોઈપણ સાહેદ દ્ધારા બનાવ વખતે આરોપીએ જાહેર રસ્તા ઉપર પોતાનું વાહન મનુષ્યની જીંદગી જોખમમાં મુકાય એ રીતે અથવા કોઈપણ વ્યક્તિને વ્યથા અથવા તો હાની પહોંચે તે રીતે બેફામપણે અને ગફલતભરી રીતે હંકારતા હોય તેવી કોઈ હકિકત જણાવેલ ન હોય ફરીયાદપક્ષ તે હકિકત સાબીત કરવામાં સદંત્તર નિષ્ફળ નિવડેલ છે. જેથી હાલના કામે ફરીયાદપક્ષ દ્ધારા રજુ કરેલ પુરાવો શંકા ઉપજાવે છે જે શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ. આ કામના આરોપીને આક્ષેપિત ગુના સાથે સાંકળી શકે તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય, જેથી આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

(૧૦) આમ, ફરીયાદપક્ષ દ્ધારા રજુ કરેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં આરોપી સામેના તહોમત મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,

૩૦૪(અ) તથા એમ.વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો કર્યાની હકિકતને સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧ નો ઉત્તર નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**૧.** આ કામના આરોપી નિકુંજભાઇ જેન્તીભાઇ ભંડેરી રહે. ભાદરા ગામ, તા.જોડીયા, જી.જામનગરનાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઇથી મળી રહે તે સારુ આરોપીએ રૂ.૫૦૦૦/–ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

આ હુકમ આજ તારીખ ૦૧લી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ: ૦૧/૦૫/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા, ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩